# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date :- 23-09-2022 Midday : 1.20 to 1.30
Day :- Friday National News

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના એકતાનગરમાં કેન્દ્રીય પર્યાવરણ મંત્રીઓની પરિષદમાં કહયું હતું કે, નવુ ભારત ઝડપથી સમસ્યાઓના સ્થાયી સમાધાનમાં એક અગ્રણી તરીકે ઉભરી રહયું છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં પસંદ કરેલાં ભાષણોના સંગ્રહનું આજે નવીદિલ્હીમાં આકાશવાણી ભવન ખાતે વિમોચન કરવામાં આવ્યું છે.
- વિદેશમંત્રી ડોકટર એસ.જયશંકરે વિદેશમંત્રીઓની જી-૪ બેઠકનું આયોજન કર્યું.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બે દિવસીય બિહારની મુલાકાતે જશે - અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે.
- દિલ્હીમાં ભારે વરસાદના પગલે જનજીવન અસ્તવ્યસ્ત – હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું.
- આજે સાંકેતિક ઇશારા ભાષા દિવસની દેશભરમાં થઇ રહેલી ઉજવણી.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

# PM Gujarat

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નૂતન ભારત સમસ્યાઓના સ્થાયી સમાધાનમાં એક અગ્રણી તરીકે ઉભરી રહ્યું છે. તેમણે કહ્યું કે, ભારત આંતરરાષ્ટ્રીય સૌર ઉર્જા ગઠબંધનથી લઇને જીવનશૈલી જેવા કાર્યોમાં અગ્રણી છે. વિડીયો કોન્ફરન્સ ધ્વારા તમામ રાજયોના પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદને સંબોધતા શ્રી  મોદીએ કહ્યું  કે નવુ ભારત નવા અભીગમ અને તેની વિચારસરણી સાથે આગળ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે આજે ભારત પણ ઝડપથી વિકસતિ અર્થવ્યવસ્થા બની ગઇ છે અને તેની ઇકોલોજી સતત મજબુત કરી રહી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું  કે ભારતનું વન આવરણ વધ્યુ છે અને વેટલેન્ટસ પણ ઝડપથી વિસ્તરી રહયાં છે. તેમણે કહ્યું કે વર્ષોથી ગીરના સિંહ, વાઘ અને એક શિંગડાવાળા ગેંડા અને ચિત્તાની સંખ્યામાં  વધારો થયો છે.

શ્રી મોદીએ કહ્યું કે, ભારત ધ્વારા ચિત્તાનું ઉષ્માભર્યુ સ્વાગત એ ભારતના વિશિષ્ટ અતિથ્યનું ઉદાહરણ છે. તેમણે પરિષદમાં ઉપસ્થિત તમામ રાજયોને પર્યાવરણ સંરક્ષણની શ્રેષ્ઠ પધ્ધતિઓ શીખવા અને સમગ્ર ભારતમાં સફળ ઉકેલો લાગુ કરવા વિનંતી કરી  હતી.

**(બાઇટ – પી.એમ.)**

ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પર્યાવરણ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદમાં ગુજરાતે પર્યાવરણ ક્ષેત્રે કરેલા વિકાસની આ મુજબ વાત કરી હતી.

**(બાઇટ – સી.એમ.)**

આ પ્રસંગે કેન્દ્રીય પર્યાવરણમંત્રી ભુપેન્દ્ર યાદવ અને સહિત તમામ રાજયના પર્યાવરણ મંત્રીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહયાં હતા.

# PMSPEECHES-BOOK RELEASE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનાં પસંદ કરેલાં ભાષણોના સંગ્રહનું આજે નવીદિલ્હીમાં આકાશવાણી ભવન ખાતે વિમોચન કરવામાં આવ્યું છે. “પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે-સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ. આ પુસ્તકમાં નૂતન ભારતના પ્રધાનમંત્રીના દ્રષ્ટિકોણને રજુ કરવામાં આવ્યા છે. આ પુસ્તક વિમોચન કાર્યક્રમમાં કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાન, પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ તથા માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર ઉપસ્થિત રહયા હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલયના પ્રકાશન વિભાગ દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ વેંકૈયા નાયડુએ કહ્યું કે, આ પુસ્તક શ્રી નરેન્દ્ર મોદી સરકારના વિચારો, સંકલ્પ અને નિર્ણાયકતાને પ્રતિબિંબિત કરે છે. સુધારા અને સુશાસન આ સરકારનો મંત્ર છે જેણે લોકોનું જીવન બદલી નાખ્યું છે. માહિતી અને પ્રસારણમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે, પુસ્તકમાં પ્રધાનમંત્રીના નૂતન ભારતના દ્રષ્ટિકોણ અને દેશને વિશ્વની પાંચમા ક્રમની અર્થવ્યવસ્થા બનાવવા માટે તેમના દ્વારા દર્શાવવામાં આવેલ નેતૃત્વનું ચિત્રણ કરવામાં આવ્યું છે. તેમણે વિપક્ષોને આ પુસ્તક વાંચવા કહ્યું કારણ કે તેમના પ્રશ્નોના જવાબ તેમાંથી મળી જશે.

આ પ્રસંગે કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાને કહ્યું કે, આ પુસ્તકમાં મહિલાઓ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગ પ્રત્યેની ચિંતાઓ પ્રતિબિંબિત થઈ છે. તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ટ્રિપલ તલાકને ખતમ કરવા માટે ઐતિહાસિક પગલું ભર્યું છે.

આ પગલાનું મહત્વ ભવિષ્યમાં જોવા મળશે. નૂતન ભારત આત્મનિર્ભર બને અને આફતને અવસરમાં ફેરવવામાં સક્ષમ બને તેવી આશા અને આકાંક્ષાઓ વ્યક્ત કરતા આ પુસ્તકમાં મે 2019 થી મે 2020 દરમિયાનના પ્રધાનમંત્રીના 86 ભાષણોનો સંગ્રહ છે. તેને જુદા જુદા દસ વિષયોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આત્મનિર્ભર ભારત, અર્થવ્યવસ્થા, લોકકેન્દ્રી શાસન, કોવિડ સામેની લડાઈ, ઉભરતા ભારત અને વિદેશી બાબતો, જય કિસાન, ટેક ઈન્ડિયા-ન્યુ ઈન્ડિયા, ગ્રીન ઈન્ડિયા-રેઝિલિએન્ટ ઈન્ડિયા-ક્લીન ઈન્ડિયા, ફિટઈન્ડિયા-કાર્યક્ષમ ભારત, આધુનિક ભારત-સાંસ્કૃતિક વારસો અને 'મન કી બાત' જેવી બાબતોને તેમાં આવરી લીધી છે.

આ પુસ્તક હિન્દી અને અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરવામાં આવ્યું છે. દેશભરના પ્રકાશન વિભાગનાં વેચાણ કેન્દ્રો અને નવી દિલ્હીમાં સૂચના ભવનની બુક ગેલેરીમાં તે ઉપલબ્ધ થશે. આ ઉપરાંત પ્રકાશન વિભાગની વેબસાઈટ તેમજ ભારતકોશ પ્લેટફોર્મ પરથી પણ ઓનલાઈન ખરીદી શકાય છે. ઈ-બુક્સ એમેઝોન અને ગૂગલ પ્લે પર પણ ઉપલબ્ધ હશે.

# JAISHANKAR G4

વિદેશ પ્રધાન ડો . એસ. જયશંકરે વિદેશમંત્રીઓની જી -4 બેઠકનું આયોજન કર્યું હતું. બ્રાઝિલના વિદેશ પ્રધાન કાર્લોસ ફ્રાન્કા, જાપાની વિદેશ પ્રધાન યોશીમાસા હયાશી અને જર્મન વિદેશ પ્રધાન અન્નાલેના બારબો કે આ બેઠકમાં હાજરી આપી હતી. તેઓએ ટેક્સ્ટ આધારિત વાટાઘાટો તરફ કામ કરવાની તેમની સંયુક્ત પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરી જે સુધારેલ બહુપક્ષીયતા તરફ દોરી જાય છે. તેઓ આ લક્ષ્ય પ્રત્યે તેમનો સહયોગ ચાલુ રાખશે.

# Amit Shah

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી બિહારની બે દિવસીય મુલાકાતે જશે. શ્રી શાહ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા પૂર્ણિયા અને કિશનગંજ જશે. મુખ્યમંત્રી નીતિશ કુમારની આગેવાની હેઠળના જનતા દળ (યુનાઈટેડ)એ ભાજપ સાથેના સંબંધો તોડ્યા પછી બિહારની આ તેમની પ્રથમ મુલાકાત હશે. કેન્દ્રીય ગૃહમંત્રી આજે પૂર્ણિયાના રંગભૂમિ મેદાન ખાતે જનભાવના રેલીને સંબોધશે. બિહાર ભાજપના અધ્યક્ષ સંજય જયસ્વાલે કહ્યું કે રાજ્યમાં બદલાયેલા રાજકીય માહોલ વચ્ચે અમિત શાહની મુલાકાત મહત્વપૂર્ણ છે.

શ્રી શાહ બપોરે કિશનગંજમાં સાંસદો, ધારાસભ્યો અને ભાજપના પદાધિકારીઓને મળવાના છે. બાદમાં તેઓ બિહારની રાજકીય સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે બિહાર ભાજપ કોર કમિટી સાથે સમીક્ષા બેઠક પણ કરશે.

આવતીકાલે કેન્દ્રીય ગૃહ મંત્રી SSB કેમ્પની મુલાકાત લેશે અને કિશનગંજમાં BSF કેમ્પમાં સુરક્ષા અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક કરશે. દિલ્હી જતા પહેલા અમિત શાહ આઝાદી નિમિત્તે આયોજિત 'સુંદર સુભૂમિ' કાર્યક્રમમાં ભાગ લેશે.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે સવારે 11 વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયો પર 'મન કી બાત' કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સાથે તેમના વિચારો રજૂ કરશે. તે માસિક રેડિયો કાર્યક્રમનો ૯૩મો એપિસોડ હશે.

આ કાર્યક્રમ ઓલ ઈન્ડિયા રેડિયો અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝઓન એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. હિન્દી પ્રસારણ પછી તરત જ AIR પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવશે.

# Delhi Rain

દિલ્હી – એનસીઆરમાં ભારે વરસાદના પગલે જનજીવન અસ્તવ્યસ્ત થઇ ગયું છે. જેના કારણે ટ્રાફીક જામ થયો છે. પોલીસ રસ્તા વચ્ચે ટ્રાફીક ઓછો કરવા માટે કામે લાગી છે. ભારતીય હવામાન વિભાગે આજે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં યલો એલર્ટ જાહેર કર્યુ છે. મોટાભાગના વિસ્તારોમાં મધ્યમ વરસાદ અંગે લોકોને ચેતવણી આપી છે.

ખરાબ વાતાવરણને ધ્યાનમાં રાખતા નોયડામાં આવેલી શાળાના ધોરણ ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે શાળાઓ બંધ રાખવામાં આવી છે. આપત્તિ વ્યવસ્થાપન પ્રાધિકરણો પણ એક નોટીસ જાહેર કરી છે. જેમાં ગુડગાવની ઓફિસો અને કોર્પોરેટ વિભાગના કર્મચારીઓને આજે ઘરેથી કામ કરવાની સલાહ આપી છે. કારણે ગુડગાવ સુધી વરસાદ થવાાની સંભાવના છે.

દિલ્હીમાં શાળાઓ બંધ રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. જો કે કેટલીક ખાનગી શાળાઓ બંધ રહેવા પામી હતી. એવી જ રીતે ગુડગાવ અને ફરીદાબાદ જીલ્લામાં પણ ખાનગી શાળાઓ બંધ રહેવાની જાહેરાત કરી છે.

# SIGH LANGUAGE DAY

આજે સાંકેતિક ઇશારા દિવસ છે. યુનાઇટેડ નેશન્સ દ્વારા 23 મી સપ્ટેમ્બરને સાંકેતિક ઇશારા ભાષા દિવસ તરીકે જાહેરાત કરવામાં આવી ત્યારથી, સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલયમાં વિકલાંગ વ્યક્તિઓના સશક્તિકરણ વિભાગના ભારતીય સાઇન લેંગ્વેજ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટર આઇએસએલઆરટીસી દર વર્ષે તેને ઉજવે છે.

આ વર્ષની સાંકેતીક ઇશારા દિવસ -2022 ની થીમ છે "સાંકેતિક ઇશારા ભાષા અમને એક કરે છે".

સામાજિક ન્યાય અને સશક્તિકરણ રાજ્ય મંત્રી પ્રતિમા ભૌમિક, શિક્ષણ રાજ્ય મંત્રી એંપીર્ના દેવી, સશક્તિકરણ વિભાગના અને અન્ય ઘણા મહાનુભાવો આજે નવી દિલ્હીમાં સાંકેતિક ઇશારા દિવસ કાર્યકર્મ માં ભાગ લેશે. કાર્યક્રમ દરમિયાન, ભારતીય સાંકેતિક ઇશારા ભાષાનું શબ્દકોશ , એપ્લિકેશન, ભારતીય સાંકેતિક ઇશારા ભાષા એનસીઇઆરટી ધોરણ 6 ના પુસ્તકોનો ઇ-કન્ટેન્ટ, ભારતીય સાંકેતિક ઇશારા ભાષાની 500 નવી વિદ્વાનોની શરતો અને ભારતીય સાંકેતિક ઇશારા ભાષામાં નેશનલ બુક ટ્રસ્ટની વેર્ગાથા શ્રેણીની ઇ-કન્ટેન્ટ શરૂ કરવામાં આવશે.

# PM Japan

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની ૨૭મી તારીખે જાપાનના પુર્વ પ્રધાનમંત્રી શિંજો આબેના અંતિમ સંસ્કારમાં ભાગ લેવા ટોકયો જશે. વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિદમ બાગચીએ નવી દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા કહયું કે શ્રી મોદી જાપાનના પ્રધાનમંત્રી ફુમિયો કિશિદાની પણ મુલાકાત લેશે.

પત્રકારોના સવાલોનો જવાબ આપતા શ્રી બાગચીએ કહયું કે, ભારતીય નાગરીકોએ થાઇલેન્ટમાં રોજગારીની તકો પર વિચાર કરતા પહેલા સાવચેતી રાખવી પડશે. માહિતી ટેકનોલોજીની કેટલીક કંપનીઓ થાઇલેન્ડમાં રોજગારીના બહાના હેઠળ ભારતીય કારીગરોની ભરતી કરે છે પછી તેમને ગેરકાયદેસર રીતે મ્યાનમારમાં લઇ જવામાં આવે છે.

# NIA

રાષ્ટ્રીય તપાસ સંસ્થા અને એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ – ઇડીએ અનેક રાજયોની પોલીસની સાથે સંયુકત રીતે દેશના જુદા જુદા ભાગોમાં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઇન્ડિયા – પીએફઆઇ સાથે સંકળાયેલા લોકોને ત્યાં દરોડા પાડયા છે. દેશના ૧૫ રાજયોમાં ૯૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા છે.

તપાસ દરમિયાન આપત્તિજનક દસ્તાવેજો, રોકડ રકમ, હથિયારો અને મોટી સંખ્યામાં ડિજીટલ ઉપકરણો જપ્ત કરવામાં આવ્યા છે. એનઆઇએ એ આ અંગે કેરળ, તમીલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને તેલંગણાના એકસોથી વધુ લોકોની ધરપકડ કરી છે.

આ લોકો પર આતંકવાદ માટે ભંડોળ પુરુ પાડવા માટે હથિયારો ચલાવવાની તાલીમ આપવા માટે અને અને લોકોને ઉપસાવવાનો આરોપ છે.

# COVID-NATIONAL UPDATE

રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં 217 કરોડ 26 લાખથી વધુ કોરોના રસીના ડોઝ આપવામાં આવ્યા છે. છેલ્લા 24 કલાકમાં 14 લાખ 91 હજારથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે. સાજા થવાનો dar હાલમાં 98.71 ટકા છે. છેલ્લા 24 કલાકમાં છ હજાર લોકો સાજા થયા છે. છેલ્લા 24 કલાકમાં પાંચ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં 89 કરોડ 30 લાખથી વધુ કોવિદના પરીક્ષણ કરવામાં આવ્યા છે.

# J&K-BOVINE IMPORT

જમ્મુ અને કાશ્મીર સરકારે 25મી ઑક્ટોબર 2022 સુધી પાડોશી રાજ્યોમાંથી ગોવંશ ની આયાત અને ગૌવંશની આંતર-જિલ્લા હિલચાલ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો છે. આ સરકારી આદેશ લમ્પીના ફેલાવાને કારણે જાહેર કરવામાં આવ્યો છે.જમ્મુ અને કાશ્મીર અને દેશના કેટલાક રાજ્યોમાં ત્વચા રોગ (LSD)ના કારણે આ આદેશમાં વધુમાં કહેવામાં આવ્યું છે કે પરિસ્થિતિના સુધારા બાદ નિર્ણયની સમીક્ષા કરવામાં આવશે.

-

# JAPAN-COVID RESTRICTIONS

જાપાને જાહેરાત કરી છે કે તે વિદેશી પ્રવાસીઓ પર સખત કોવિડ પ્રતિબંધોને હટાવશે, અઢી વર્ષ પછી સરહદો ફરીથી ખોલશે. ન્યુ યોર્ક સ્ટોક એક્સચેંજમાં બોલતા પ્રધાનમંત્રી કુમિઓ કિશિડાએ જણાવ્યું હતું કે રોગચાળોએ લોકો, માલ અને મૂડીના મુક્ત પ્રવાહમાં વિક્ષેપ પાડ્યો છે. તેમણે કહ્યું કે જાપાન 11 ઓક્ટોબરથી સરહદ નિયંત્રણના પગલાંમાં છૂટ આપવામાં આવસે અને વિઝા મુક્ત મુસાફરી અને વ્યક્તિગત મુસાફરી ફરી શરૂ કરશે.

લગભગ અઢી વર્ષમાં પ્રથમ વખત, કોવિડ -19 ના ફેલાવાને નિયંત્રિત કરવાના પ્રયાસમાં, જાપાન હાલમાં ફક્ત પેકેજ ટૂરને મંજૂરી આપે છે, અને દૈનિક આગમન પર 50,000 ની કેપ સાથે બધા મુલાકાતીઓ માટે વિઝાની જરૂર પડે છે. જો કે, આના કારણે જાપાનની અર્થવ્યવસ્થા પ્રવાસીઓ માટે સંપૂર્ણ રીતે ફરીથી ખોલવામાં અસમર્થ છે.

હવે, 11 ઓકટોમબેરથી, ટૂંકા ગાળાના મુલાકાતીઓએ હવે ટૂરિસ્ટ વિઝા માટે અરજી કરવાની જરૂર રહેશે નહીં. અગાઉ, રોગચાળો પહેલાં, જાપાન સિંગાપોર, મલેશિયા, થાઇલેન્ડ, હોંગકોંગ અને અમેરિકા જેવા 68 દેશો અને પ્રદેશોના લોકો પાસેથી વિઝા મુક્ત ટૂંકા ગાળાની મુસાફરીની મંજૂરી આપી હતી અને ટ્રાવેલ એજન્સીઓ દ્વારા પ્રવાસ કરવાની જરૂર નથી.

-

# BRICS

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે બ્રિક્સ વિદેશ મંત્રીઓ અને આંતરરાષ્ટ્રીય સંબંધોના મંત્રીઓની બેઠકમાં ભાગ લીધો હતો. 2023માં આવનારા BRICS પ્રમુખ તરીકે દક્ષિણ આફ્રિકાના આંતરરાષ્ટ્રીય સંબંધો અને સહકાર મંત્રી ડૉ. નાલેદી પાંડોરની અધ્યક્ષતામાં આ બેઠક યોજાઈ હતી. બ્રાઝિલના વિદેશ મંત્રી કાર્લોસ આલ્બર્ટો ફ્રાન્કો ફ્રાન્કા, રશિયાના વિદેશ મંત્રી સેર્ગેઈ લવરોવ અને ચીનના વિદેશી બાબતોના મંત્રી વાંગ યીએ તેમના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. મંત્રીઓએ રાજકીય, સુરક્ષા, આર્થિક, નાણાકીય અને ટકાઉ વિકાસ ક્ષેત્રો તેમજ આંતર-બ્રિક્સ પ્રવૃત્તિઓ પર સંયુક્ત રાષ્ટ્રના કાર્યસૂચિ પરના મુખ્ય વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું.

તેઓએ બહુપક્ષીય પ્રણાલી, ખાસ કરીને સયુક્ત રાસ્ટ સંઘ ના મુખ્ય મુદાઓ ને મજબૂતીકરણ અને સુધારણા માટેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. તેઓએ આતંકવાદ અને ઉગ્રવાદનો સામનો કરવાના બેવડા ધોરણોને નકારી કાઢ્યા. તેઓએ આંતરરાષ્ટ્રીય આતંકવાદ પર વ્યાપક સંમેલનને ઝડપથી અંતિમ સ્વરૂપ આપવા અને અપનાવવાની હાકલ કરી. તેઓએ તમામ રાજ્યોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવા માટે પ્રતિબદ્ધતા દર્શાવી, વાતચીત અને પરામર્શ દ્વારા દેશો વચ્ચેના મતભેદો અને વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ માટે તેમની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. તેઓએ યુક્રેનમાં પરિસ્થિતિના શાંતિપૂર્ણ સમાધાન માટેના તમામ પ્રયાસોને સમર્થન આપ્યું હતું.

મંત્રીઓએ 2023માં તેની BRICSની અધ્યક્ષતા અને XV BRICS સમિટના આયોજન માટે દક્ષિણ આફ્રિકાને સંપૂર્ણ સમર્થન આપ્યું.